# બનાસકાંઠાના અનેક વિસ્તારોમાં વાવાઝોડા સાથે વરસાદ

## વડગામ તાલુકાના માતેશ્વર, મોરિયા સહિતના ગામોમાં કરા પડ્યા : અમદાવાદ-ગાંધીનગર, સૌરાષ્ટ્ર સહિત ગુજરાતના અનેક ભાગોમાં વરસાદ પડવાની આગાહી : અમદાવાદમાં વાદળછાયુ વાતાવરણ વચ્ચે પારો ૪૧ ડિગ્રી રહ્યો

સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં વરસાદી માહોલની સ્થિતિ આજે યથાવત રહી હતી. શનિવારે મોડી રાત્રે વરસાદી ઝાપટાઓની શરૂઆત થયા બાદ આજે વહેલી પરોઢ સુધી ઘણી જગ્યાએ વરસાદ થયો હતો. બનાસકાંઠા જિલ્લામાં વાવાઝોડુ ફુંકાયા બાદ વડગામ તાલુકાના મોકેશ્વર, મોરિયા સહિતના ગામોમાં કરા પડ્યા હતા. કેટલીક જગ્યાઓએ હળવો વરસાદ પડ્યો હતો. સિદ્ધપુર પંથકમાં પણ વરસાદ પડ્યો હતો. મળેલી માહિતી મુજબ વિજળી પડવાના કારણે કેટલાક પશુઓના મોત થયા હતા. મળેલી માહિતી મુજબ સિદ્ધપુરમાં મેઘરાજાએ પધરામણી કર્યા બાદ આ પંથકમાં વિજળી પડવાથી ત્રણ પશુઓના મોત થયા હતા. બીજી બાજુ સૌરાષ્ટ્રના અન્ય ભાગોમાં પણ હળવા વરસાદી ઝાપટા પડ્યા છે. અમદાવાદમાં પણ આજે સવારે વાદળછાયુ વાતાવરણ જોવા મળ્યું હતું. અમદાવાદ માટેની આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, વરસાદી ઝાપટા ગાજવીજ સાથે પડી શકે છે. ગુજરાત માટેની આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, સૌરાષ્ટ્ર-કચ્છ, દિવ, દમણ, દાદરાનગર હવેલીમાં કેટલીક જગ્યાએ ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે. આજે આંશિક વાદળછાયુ વાતાવરણ વચ્ચે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે વીવીનગરમાં ૪૦.૬, ગાંધીનગરમાં ૪૧.૫ સુધી પારો પહોંચ્યો હતો. સુરેન્દ્રનગરમાં ૩૯.૮ સુધી પારો પહોંચી ગયો હતો. હાલમાં ગુજરાતના વિવિધ ભાગોમાં કાળઝાળ ગરમીનું મોજુ ફરી વળ્યું છે. હાલમાં રાજકોટના જુદા જુદા ભાગોમાં વરસાદ પડી રહ્યો હતો. બીજી બાજુ અમદાવાદ સહિત રાજ્યના અન્ય વિસ્તારોમાં પણ તીવ્ર ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. તીવ્ર ગરમી વચ્ચે અમદાવાદ શહેરમાં હાલમાં ફુડ પોઈઝનીંગના બનાવોમાં વધારો થયો છે.આ ઉપરાંત ઠંડકવાળા સ્થળોએ આરામ કરવા,કામ સિવાય બપોરના સમયે બહાર ન નીકળવા અંગે પણ સુચન કરવામાં આવ્યું છે. આ સાથે જ નાના બાળકો,વૃધ્ધો અને સગર્ભા મહિલાઓની વિશેષ કાળજી લેવા અંગે પણ કહેવામાં આવ્યું છે. ઈમરજન્સીની પરિસ્થિતિમાં ૧૦૮નો સંપર્ક કરવા કહેવામાં આવ્યું છે. એકાએક ગરમી અને હવે આંશિક ઘટાડાના કારણે બાળકોને વધુ અસર થઈ છે. આજે સવારે વરસાદી વાદળા નજરે પડ્યા હતા પરંતુ થોડાક સમય બાદ જ આ વાદળા દેખાયા ન હતા. હીટવેવના કારણે હાલમાં લૂ લાગવાના બનાવો પણ વધ્યા છે. અમદાવાદ શહેરમાં આવનારા દિવસોમાં વધી રહેલા તાપમાનના અનુસંધાનમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરીજનોને અતિશય ગરમીથી બચવા માટે કાળજી રાખવા અપીલ પણ કરવામાં આવી છે. ગુજરાતમાં જૂનના ત્રીજા સપ્તાહ સુધી ચોમાસુ બેસે તેવી શક્યતા દેખાઈ રહી છે. ગુજરાતમાં પણ ચોમાસુ ક્યારે બેસશે તેને લઈને સામાન્ય લોકો અને નિષ્ણાતોમાં હાલ ચર્ચા જોવા મળી રહી છે.

# પ્રાંતિજ નગરપાલિકા દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે રેલી

પ્રાંતિજ, તા.૫

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે પ્રાંતિજ નગરપાલિકા દ્વારા પાંચમી જુન વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી અંતર્ગત રેલી યોજી સ્વચ્છતાની સાથે પર્યાવરણ વિશે માહીતિ આપી હતી.



સમગ્ર દેશ અને દુનિયામાં તા.૫મી જુનનો દિવસ વિશ્વ પર્યાવરણ દિન તરીકે ઉજવવામાં આવે છે. ત્યારે પર્યાવરણની સાથે સાથે સ્વચ્છતા પણ જરૂરી છે. પ્રાંતિજ નગરપાલિકા દ્વારા વિશ્વ પર્યાવરણ દિન નિમિતે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્વચ્છતાના વિવિધ બેનરો સાથે પ્રાંતિજ નગરપાલિકાથી બજારચોક ભાખરીયા બસસ્ટેશન સુધીના મુખ્ય માર્ગો ઉપર રેલી નિકળી હતી અને સ્વચ્છતા અંગેની માહિતીની સાથે બજારમાં પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. વેપારીઓને ફૂલ આપી ઘનકચરો ડસ્ટબીનમાં જ નાખવો અને તથા સુકો કચરો તથા ભીનો કચરો અગલ-અગલ ડસ્ટબીનમાં નાખવાનું જણાવવામાં આવ્યું હતું. બજારમાં વેપારીઓને તથા ભાખરીયા બસસ્ટેશન ખાતે સ્વચ્છતા અંગેના પાલિકા દ્વારા સપથ લેવડાવામાં આવ્યાં હતાં અને પર્યાવરણ વિષેની જાણકારી આપવામાં આવી હતી. આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ નિરવભાઈ પરીખ, ચીફ ઓફિસર વી.એલ. રાઠોડ, કોર્પોરેટરો, નગરપાલિકા વિવિધ સમિતિના ચેરમેનો, ભાજપ શહેર પ્રમુખ વિજયભાઈ પટેલ સહિત પાલિકા કર્મચારીઓ સહિત શાળાના બાળકો, વેપારીઓ સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયાં હતા.


# મોડાસાની બે સોસાયટીઓમાં ૧૦થી વધુ મકાનના તાળાં તુટ્યા

## શહેરના સહયોગ ચોકડી પાસે આવેલ તિરૂપતી આનંદવિલા સોસાયટીના મકાન અને મધુવન રેસીડેન્સીના ૪ થી વધુ મકાનમાં ચોરી

મોડાસા, તા. ૫

મોડાસા શહેરમાં માલપુર રોડ ઉપર સહયોગ ચોકડી પાસે ખલીકપુર વિસ્તારમાં આવેલી તિરૂપતિ આનંદવિલા સોસાયટી અને મધુવન રેસીડેન્સીમાં રવિવારની મોડી રાત્રે ૧૦થી વધુ મકાનના તાળાં તોડી રોકડ સહિત સોનાની બુટ્ટી તથા ચાંદીના છળા ચોરો એક જ ટાઈપના દરવાજાના નકુચા તોડી ચોરી કરી પલાયન થઈ ગયા હતા. શહેરમાં ચોરીના સમાચાર મળતા લોકોના ટોળા જોવા માટે ઉમટ્યા હતા. એક જ રાતમાં ૧૦ થી વધુ મકાનોના તાળા તોડીને શહેરમાં ભયનો માહોલ છવાઈ ગયો છે અને પોલીસ પ્રત્યે પ્રજાએ ફીટકાર વરસાવ્યો હતો.







મોડાસાના માલપુર રોડ પર સહયોગ ચોકડી પાસે ખલીકપુર વિસ્તારમાં આવેલી તીરૂપતી આનંદવિલા સોસાયટીમાં બે મકાનમાં પરીવાર હાજર હતો અને ચાર થી વધુ મકાનના પરીવારો હાજર નહોતા. તિરૂપતી આનંદવિલા સોસાયટીમાં તસ્કરો દ્વારા દરેક મકાનમાં એક જ ટાઈપના દરવાજાના નકુચા તોડી ચોરી કરી ચોરો રફુચક્કર થઈ ગયા હતા. જ્યારે મધુવન રેસીડેન્સીમાં ચારથી વધુ મકાનના તાળા તોડી સામાન રફેદફે કરી તિજોરીના લોક તોળી તમામ રાચરચીલુ ફેંદી ચોરી કરતા સોસાયટીઓમાં ભયનો માહોલ છવાયો હતો. એક જ રાતમાં શહેરમાં આવેલી સોસાયટીના ૧૦ થી વધુ મકાનોના તાળા તોડી ચોરી થતા લોકો ભયભીત બન્યા હતા. બીજી બાજુ સહયોગ ચોકડી પાસે ખલીકપુર પોલીસ ચોકી બનાવવામાં આવી છે. છેલ્લા ઘણા સમયથી બંધ હોય ચોરોને મોકળુ મેદાન મળ્યુ છે.

તિરૂપતી આનંદવિલા સોસાયટીના મકાનમાં રહેતા નિલકંઠભાઈએ જણાવ્યું હતું કે હુ મારી છોકરીઓની ફી ભરવા માટે ૫૭ હજાર રૂપિયા બેંકમાંથી ઉપાડી ઘર લાવ્યો હતો તે ચોરાઈ જતા પરિવાર બેબાકળો બન્યો હતો. તેમના જ મકાનમાંથી ચાંદીના છડા લક્ષ્મીજીની મુર્તી ચોરો ચોરી ગયા હતા.






અરવલ્લી જીલ્લાના મોડાસા કોલેજ ખાતે જીલ્લાનો સ્ટુડન્ટ પોલીસ કેડેટ સમર કેમ્પનુ આયોજન અરવલ્લી પોલીસ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કેમ્પ મોડાસા મ.લા.ગાંધી કોલજે કેમ્પસ ખાતે યોજાયો હતો. જેમાં જીલ્લાના વિવિધ વિસ્તારોના ૨૫૬ બાળકોએ ભાગ લીધો અને વિવિધ રમતો રમાઈ હતી. સાથે યોગ, પીટી, અલગ અલગ વિષયો ઉપર મંતવ્યો, અભ્યાસમાં કઈ રીતે આગળ રહેવુ જેવી અનેક બાબતો વિષે માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ. આ કેમ્પ મોડાસામાં પાંચ દિવસ ચાલ્યો હતો અને નોડલ અધિકારી તરીકે જીલ્લાના નાયબ પોલીસ વડા કે. એફ. બડોલીયાએ કામગીરી હાથ ધરી હતી અને સમગ્ર કેમ્પ ને સફળ બનાવ્યો હતો.

# ખેડબ્રહ્મામાં રાજસ્થાનના બક્ષીપંચના બાળકોનું ભવિષ્ય અંધકારમય

ખેડબ્રહ્મા, તા. ૫

ખેડબ્રહ્મા શહેર તેમજ તાલુકામાં ૩૦ થી ૪૦ ટકા રાજસ્થાનથી મજૂરી અર્થે આવેલ પરિવારો વસવાટ ધરાવે છે. હાલમાં પરિણામો બાદ વધુ અભ્યાસ અર્થે જાતિના, આવકના, નોન ક્રિમીલીયર જેવા દાખલાઓ માટે ખેડબ્રહ્મા મામલતદાર કચેરીમાં આવે છે. પરંતુ ત્યા અરજદારો પાસે ગુજરાતમાં ૧૯૭૮ પહેલા વસવાટ ધરાવતા હોવાના પુરાવા માંગવામાં આવી રહ્યા છે. વર્ષોથી ભાડે મકાન રાખી મજૂરી કરતા હોય અને અક્ષરજ્ઞાન ન હોવાથી આવા પુરાવા ન હોવાથી ધરમધક્કા ખાવા પડી રહ્યા છે અને બક્ષીપંચના બાળકોનું ભવિષ્ય હાલમાં અંધકારમય દેખાઈ રહ્યુ છે. તો સરકાર દ્વારા સવારે આવા પરિવારો માટે યોગ્ય નિકાલ કરવામાં આવે તો આગળ વધવા માંગતા બાળકોને મદદ થઈ શકે તેમ છે.



## વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી વન વિભાગ દ્વારા રેલી

વિશ્વ પર્યાવરણ દિવસ નીમેત્તે અરવલ્લી જિલ્લા વન વિભાગ તંત્ર દ્વારા મોડાસા શહેરમાં શાળામાં અભ્યાસ કરતા બાળકો અને વન વિભાગના કર્મચારીઓ દ્વારા પર્યાવરણ બચાવો વૃક્ષ વાવો સહીત વિવિધ બેનરો દર્શાવી લોક જાગૃતિ અર્થે જિલ્લા કલેક્ટરે લીલી ઝંડી આપી રેલીનુ પ્રસ્થાન કરાવ્યું હતુ. આ રેલી મોડાસા શહેરના મુખ્ય માર્ગો અને રહેણાંક વિસ્તારોમાં ફરી હતી. તદઉપરાંત જિલ્લા વન વિભાગ દ્વારા જન જાગૃતિના વિવિધ કાર્યક્રમો યોજી વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.



## પ્રાંતિજના સર્કલ ઇન્સપેક્ટર પી.પી.રાવલનો વિદાય સમારંભ

પ્રાંતિજ તાલુકા પંચાયત ખાતે સર્કલ ઈન્સપેક્ટર તરીકે પ્રકાશચંદ્ર પી. રાવલ ફરજ બજાવતા હતા. તારીખ ૩૧-૫-૧૭ ના રોજ વયનિવૃત્તિથી તેઓ નિવૃત્ત થતાં તાલુકા પંચાયત કચેરી, પ્રાંતિજ ખાતે તેઓનો વિદાય સમારંભ યોજાયો હતો. આ કાર્યક્રમમાં તાલુકા વિકાસ અધિકારી, તાલુકા પંચાયતના પ્રમુખ તથા કારોબારી અધ્યક્ષ અને તાલુકા પંચાયત સ્ટાફ અને તલાટી ક્રમ મંત્રી ઉપસ્થિત રહ્યા હતા. રાવલે ૧૯૭૯થી પ્રાંતિજ તાલુકામાં ફરજ બજાવેલ છે. તેઓએ આસરોડા, સોનાસણ, કમાલપુર, અનવરપુરા, ઓરાણ, વડવાસા તથા ગેડ-મોરવાડ ખાતે તલાટી ક્રમમંત્રી તરીકે સેવાઓ આપી હતી. ત્યારબાદ સર્કલ ઈન્સપેક્ટર તરીકે નિયુક્ત થતાં સેવાઓ આપી હતી.

# રસાણા ગામ નજીક રેલવે નીચે આવી જતા યુવકનું મોત

ડીસા તાલુકાના રસાણા ગામ નજીક રેલવેની અડફેટે આવી જતા આશાસ્પદ યુવકનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું. જે અંગે ડીસા તાલુકા પોલીસે અકસ્માતે મોતનો ગુન્હો નોંધી તપાસ હાથ ધરી હતી.

આ ઘટનાની વિગત એવી છે કે ડીસા તાલુકાના રસાણા મોટા ગામમાં રહેતા વિષ્ણુજી સારજીજી ઠાકોર ઉ. વ. ૧૮ રસાણા ગામ નજીક પાસે રેલવેના પાટા પરથી પસાર થઈ રહ્યા હતા. તે દરમ્યાન અચાનક પુરપાટ ઝડપે આવી રહેલી ટ્રેનની અડફેટે આવી જતા અકસ્માત સર્જાયો હતો. જેમાં વિષ્ણુજી ઠાકોરને ગંભીર ઈજાઓ પહોંચતા તેમનુ ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતુ. આ બનાવની જાણ થતાં જ આજુબાજુના લોકો દોડી આવ્યા હતા અને પોલીસને જાણ કરતા ડીસા તાલુકા પોલીસ પણ ઘટના સ્થળે આવી પહોંચી હતી અને મૃતકની લાશને પી એમ અર્થે ડીસા સિવિલ હોસ્પિટલમાં ખસેડી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# હુમલા કેસ : એએસઆઈની પત્નીને આખરે નિર્દોષ જાહેર કરાઈ

અમદાવાદ,તા.૫

પુત્રી સામે ખરાબ નજરથી જોનાર યુવકને પેટમાં ચપ્પુ હુલાવી દઈ ગંભીર ઈજા પહોંચાડી ખૂનની કોશિષના ચકચારભર્યા કેસમાં આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર (એએસઆઇ)ના પત્ની એવી મહિલા આરોપી રાજેશ્વરીબહેન ઉર્ફે મુન્નીબહેન લોકેન્દ્રસિંહ રાઠોડને અત્રેની એડિશનલ સેશન્સ કોર્ટે પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મૂકવા હુકમ કર્યો હતો. કોર્ટે ચુકાદામાં નોંધ્યું હતું કે, પ્રસ્તુત કેસમાં ફરિયાદપક્ષ કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયો છે. કેસના ઘણા સાક્ષીઓ જુબાનીમાં ફરી ગયા છે. વળી, ખુદ ફરિયાદની જુબાની પણ ફરિયાદપક્ષના તેમના કેસને સમર્થન આપતી નથી ત્યારે ફરિયાદીનો પુરાવો પણ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી અને આ સંજોગોમાં મહિલા આરોપી રાજેશ્વરીબહેન લોકેન્દ્રસિંહ રાઠોડને નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે. આ કેસની વિગત એવી છે કે, શહેરના શાહીબાગ વિસ્તારમાં માધુપુરા પોલીસ લાઈન ખાતે રહેતા રાજેશ્વરીબહેન રાઠોડ ગત તા.૨૨-૧૧-૨૦૦૭ના રોજ રાહુલ બારોટ અને તેનો મિત્ર મયુર વાઘેલા કોઈ કામથી ઘરથી બહાર નીકળ્યા હતા, ત્યારે તે બંને જણાંને આંતરી રાજેશ્વરીબહેને તમે મારા ઘર પાસે કેમ આંટાફેરા કરો છો અને મારી પુત્રી સામે કેમ જુઓ છો એમ કહી પોતાના બ્લાઉઝમાંથી ચપ્પુ કાઢી રાહુલ બારોટને પેટમાં હુલાવી દીધુ હતું. જેના કારણે ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાલતમાં રાહુલને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. આ બનાવ અંગે રાહુલના સગાએ શાહીબાગ પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી હતી.





ખેડબ્રહ્મામાં સોમવારે નગરપાલિકા દ્વારા વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે શેઠ કે.ટી. હાઈસ્કૂલના હોલમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નગરપાલિકાના ચૂંટાયેલા સદસ્યો, પૂર્વ સદસ્યો, સફાઈ કર્મચારી, શહેરીજનો અને શાળાના બાળકો હાજર રહ્યા હતા. આ પ્રસંગે સેનેટરી ઈન્સ્પેક્ટરે ઉપસ્થિત લોકોને ઘનકચરામાં ભીનો કચરો અને સુકો કચરો અલગ અલગ રીતે રાખવા પ્રતિજ્ઞા લેવડાવી હતી.

# બંધના દિવસે ટોળામાં માયાબહેન સહિત આરોપી ન હતા

નરોડા ગામ રાયોટીંગ કેસમાં આજે વધુ બે સાક્ષીઓની જુબાની અને ઉલટતપાસ થઈ હતી. જેમાં ફરી એકવાર એ વાત સામે આવી હતી કે, તા. ૨૮-૨-૨૦૦૨ના રોજ બંધના દિવસે નરોડા ગામમાં ટોળામાં ડો.માયાબહેન કોડનાની, વિહિપના ડો.જયદીપ પટેલ, બાબુ બજરંગી, વલ્લભ પટેલ સહિતના આરોપીઓ સામેલ ન હતા. જો કે, એક સાક્ષીની ઉલટતપાસમાં એ વાત પણ સામે આવી હતી કે, નરોડા ગામમાં વાણીયા ચાલીમાં લઘુમતીઓને સળગાવાયા હતા. બે સાક્ષીઓની જુબાની પૂર્ણ થયા બાદ સ્પેશ્યલ કોર્ટે કેસની વધુ સુનાવણી તા.૭મી જૂને રાખી હતી. ચકચારભર્યા નરોડા ગામ રાયોટીંગ કેસમાં આજે બચાવપક્ષના સાક્ષી સુનીલ પટેલે જણાવ્યું હતું કે, તે નરોડા ગામમાં વાણીયા ચાલીના નાકે સુનીલ નટવરલાલ એન્ડ કંપની નામે કરિયાણાની દુકાન ચલાવે છે. તા. ૨૮-૨-૨૦૦૨ના રોજ બંધનું એલાન હોવાથી મારી દુકાન બંધ રાખી હતી. બપોરે ૧૨-૦૦ વાગ્યે મારી પર કોઈનો ફોન આવ્યો કે, તમારી દુકાન લૂંટાઈ છે અને સળગાવાઈ છે. જેથી હું ૧૨-૧૫ વાગ્યાના અરસામાં દુકાને પહોંચ્યો હતો અને ટેમ્પામાં દુકાનનો સામાન ભરવા માંડ્યો હતો ત્યારે ૧૦૦થી ૧૨૫ લોકોનું ટોળું નરોડા પોલીસ સ્ટેશન તરફથી આવ્યું હતું અને વાણીયા ચાલીમાં ગયુ હતું. ૨૦ મિનિટ બાદ ટોળુ બહાર આવ્યું હતું.

# સિવિલમાં સ્વાઈનફલુથી વધુ એક દર્દીનું મોત થયું

અમદાવાદ, તા.૫

અમદાવાદ શહેરના અસારવા વિસ્તારમાં આવેલી સિવિલ હોસ્પિટલમાં સ્વાઈનફલુ અંગે સારવાર લઈ રહેલા વધુ એક દર્દીનું મોત થવા પામ્યું છે.વર્ષ-૨૦૧૨થી અત્યાર સુધીમાં રાજ્યમાં સ્વાઈનફલુના કારણે કુલ ૮૫૪ લોકો પોતાના જીવ ગુમાવી ચુકયા છે.આ અંગે મળતી માહીતી અનુસાર,અમદાવાદ શહેરના નવરંગપુરા વિસ્તારમાં રહેતા એક પ્રોઢને સ્વાઈનફલુના લક્ષણો નજરે પડતા તેમને પહેલા ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા.

જ્યાંથી થોડા સમય અગાઉ તેમને સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.સિવિલ હોસ્પિટલમાં આ દર્દીને વેન્ટિલેટર સિસ્ટમ ઉપર રાખવામાં આવ્યા હતા.જયાં ગઈકાલે રવીવારના રોજ તેમનું મોત થવા પામ્યું છે.અમદાવાદ શહેરની કુલ વસ્તી ૬૫ લાખની હોવા છતાં તેમજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું વાર્ષિક બજેટ કુલ રૂપિયા ૬૫૫૧ કરોડ છે પણ મ્યુનિસિપલ કોર્પોરેશનની કોઈ પણ હોસ્પિટલમાં સ્વાઈન ફલુના દર્દીઓને સારવાર મળી રહે એ માટે અલાયદા આઈસોલેશન વોર્ડની વ્યવસ્થા આજદિન સુધી કરવામાં આવી નથી.રાજયમાં વર્ષ-૨૦૧૨થી આજદિન સુધી પાંચ વર્ષમાં કુલ મળીને ૮૫૪ લોકોના સ્વાઈન ફલુના કારણે મોત થવા પામ્યા છે.